કે. એલ. વસાવા
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નોર્થ ઝોન(કતારગામ)

નં. નોર્થઝોન/ આઉટ/ ૭૫૧૫
તા. ૦૫/૧૦/૨૦૨૬

<u>સંમતિપત્ર</u>

પ્રતિ,
....
....
....

વિષય : – નોર્થઝોન (કતારગામ)ના જુના વિસ્તારમાં આવેલ વિવિધ નાના મોટા ગાર્ડન/લેક ગાર્ડનો તેમજ શાંતિકુંજમાં જરૂરી રીપેરીંગ અને મેઈન્ટેન્સ કરવાનું કામ.

સંદર્ભઃ– સ્થા. સમિતિ ઠરાવ નં.૧૩૩૨/૨૦૨૬, તા.૨૪/૦૭/૨૦૨૬.

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ પાલનપોર–ભાઠા–ઈચ્છાપોર તથા અન્ય વિસ્તારમાં આવેલ વિવિધ ગાર્ડનોમાં રીપેરીંગ અને મેઈન્ટેન્સ કરવાના કામે અંદાજીત રકમ રૂા.૪૮,૩૨,૦૬૦.૮૪ પૈ. ૩૦% નીચા એટલે કે રૂા.૩૩,૮૨,૪૪૨.૫૯ પૈ. સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૩૩૨/૨૦૨૬, તા.૨૪/૦૭/૨૦૨૬ થી મંજુર કરવામાં આવેલ છે. જે ભાવે અને શરતે નોર્થઝોન (કતારગામ)ના જુના વિસ્તારમાં આવેલ વિવિધ નાના મોટા ગાર્ડન/લેક ગાર્ડનો તેમજ શાંતિકુંજમાં જરૂરી રીપેરીંગ અને મેઈન્ટેન્સ કરવાની કામગીરી રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. (GST સહિત)ની મર્યાદામાં કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ તા.૧૨/૧૦/૨૦૨૬ સુધીમાં નોર્થઝોન (કતારગામ) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઇ સંમતિપત્ર સ્વીકારવામાં આવશે નહી.

:– શ ર તો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડર/ ચેક રૂા. ૫,૦૦૦/–સંમતિપત્રકની સાથે આપવાની રહેશે.

૨. ઈજારદારે ‘ ઈ–૨ વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે સરકારી અર્ધસરકારી સંસ્થામાં પૂર્ણ કરેલ કામના/ અનુભવના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. કરેલ કામોની વિગત તેની કિંમત સહિત તેમજ કરેલ કામના પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ જરૂરી પત્રક સેલફ સર્ટીફાઈડ /ટ્રુ કોપી રજુ કરવાના રહેશે

૫. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૫. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગર પાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૬. સદર કામગીરી બાબતે અત્રેના ગાર્ડન વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

SD/-
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

ગજેરા સ્કુલની પાછળ, રામજીકૃપા રો–હાઉસની બાજુમાં, સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org Mo.No. 97241 97897